Ansh - Journal Of History
A Peer Reviewed International Refereed Journal
E-JOURNAL (HISTORY)
SINCE 2019
E-ISSN No. 2582–046X
International Journal For Research In Applied History
Website : https://ansh.shrihinglajenterprise.co.in/

# મહાત્મા ગાંધીનું પ્રેરણાદાયી જીવન

**Mr. C. S. Bava**
T.P.E.O. Sidhdhapur
Hemchandracharya North Gujarat University, Patan
(M.A., M.Phil., PhD Pursing Department Of History )
Email ID : tpeo.sidhpur@gmail.com

## સારાંશ

કોઈપણ વ્યકિતના જીવનમાં ચડતી અને પડતી તો આવ્યા કરે છે. આ ઉત્થાન અને પતનની પ્રક્રિયા દરમિયાન વ્યકિતને અનેક અવનવા અનુભવો પ્રાપ્ત થાય છે. આ જગતમાં માનવ માત્રને પ્રશ્નો અને સમસ્યાઓ રહેવાની, પણ તેમાંથી શાંતિપૂર્વક સારો રસ્તો  કાઢીને જે વ્યકિત અન્ય વ્યકિત કરતાં એક કદમ આગળ ચાલે છે. ત્યારે તે વ્યકિતનું વ્યકિતત્વ ખીલે છે. સામાન્ય માણસમાંથી મહામાનવ બની જાય છે. ત્યારે જ જગત તેના કાર્યો અને વિચારોની પ્રશંસા કરે છે અને તેના જીવનમાંથી કંઈક શીખવાનો અનેરો આનંદ પ્રાપ્ત થાય છે. વિશ્વની કોઈ વ્યકિત એવી નહીં હોય કે પોતાની આત્મકથામાં પોતાના ખરાબ પાસાનું અક્ષરશઃ ચિત્ર રજૂ કરે, પણ મહાત્મા ગાંધી એવા હતા. કે તેમણે તેમના જીવનમાં બનેલ તમામ ઘટનાઓનું વિના શરમ પોતાની આત્મકથા લખતાં જણાવે છે કે,મારા કેટલાક પ્રસંગો વાંચી જગત મારી ઠેકડી ઉડાડશે પણ મારે તો મારું જીવન એ જ સંદેશનો વિચાર આપવો છે. મહાત્મા ગાંધીની સત્યના પ્રયોગો અથવા આત્મકથા પાંચ ભાગમાં વહેંચાયેલી છે. તેમાં નોંધાયેલ ભાગ–1 માં 25, ભાગ–2 માં 29, ભાગ–3 માં 23, ભાગ–4 માં 47 અને ભાગ–5 માં 43 કુલ મળી 167 પ્રસંગમાંથી તેમના જીવનમાં બની ગયેલ ઘટના આપણને સાચી પ્રેરણા આપે છે. તેમાં વિધાર્થી જીવન હોય, વિદેશની બાબત હોય, અભ્યાસ માટે તેમના વિચારો હોય, લગ્નને લગતી બાબત હોય, કોઈ  વ્યકિતને મળવાનું હોય, વકીલાતની સમસ્યા હોય, સ્વરાજ માટેનો સંઘર્ષ હોય કે અંગત જીવનમાં બનેલ ઘટના હોય તેમને જરાય ખચકાટ સિવાય શબ્દોમાં આકારી સમગ્ર જીવનને પ્રેરણા આપવાનો નિખાલસ રીતે પ્રયત્નો કર્યા છે અને તેમાંથી આપણને બોધપાઠ અને બજારમાં  વેચાતી ન મળે તેવી મહત્વની પ્રેરણા દરેક પ્રસંગમાંથી મળે છે.

**ગાંધીજીની આત્મકથાના ભાગ 1 માંથી મળતી પ્રેરણા :**

મહાત્મા ગાંધીએ આત્મકથાના ભાગ 1 માં 25 બનાવો વર્ણવી આપણને વિવિધ પ્રકારની પ્રેરણા આપવા પ્રયાસ કર્યો છે. બચપણ ના કિસ્સામાં તેઓ પોતે શરમાળ વિધાર્થી હોય છે. સામાન્ય વિધાર્થી હોય છે. નિશાળના ટાઈમે શાળામાં સમયસર પહોંચવુ, ચોરી ન કરવી, શિક્ષકોને છેતરવા નહીં, વડીલોને માન આપવું, તેમના કામમાં શંકા કરવી નહીં, કદી પણ વિનય–વિવેક ચૂકવા નહીં, સારા પુસ્તકો વાંચવા, તેમાંથી સારી બાબત જીવનમાં ઉતારવી વગેરે પ્રેરણા મળે છે.

E-ISSN No. 2 5 8 2 – 0 4 6 X
International Journal For Research In Applied History
Website : https://ansh.shrihinglajenterprise.co.in/

બાળ વિવાહ માં ગાંધીજી તે સમયની સામાજીક પરિસ્થિતિનું વર્ણન કરે છે. તેમના બાળ વિવાહ 13 વર્ષની ઉંમરે થયા હતા. તેમાં સગાઈ અને વિવાહની વ્યાખ્યા આપે છે. વડીલો વધુ ખર્ચ ન થાય તે માટે એક સાથે બાળલગ્નો કરાવતા હતા. તેમાં તેમનો સ્વાર્થ હતો પણ બાળકો માટે ઉચિત ન હતો. છતાં ગાંધીજી આ બનાવને સકારાત્મક લે છે. લગ્નના ફાયદા સાથે ગેરફાયદા લગ્નની પ્રથમ રાત, સંસારજીવનનું કોઈ જ્ઞાન નથી. છતાં ભાભીની શિખામણ મુજબ કરવાનું આ બધું જણાવી આપણને વિચાર કરતા કરી દે છે. સમાજે આની નોંધ લેવી જોઈએ. તેવી પ્રેરણા આપે છે.

ધણીપણું પ્રકરણમાં ગાંધીજી તેમની પત્ની સામે પતિ તરીકે ધણીપણું આદરે છે. પત્નીને એક પતિવ્રત પાળવું, પત્નીની પવિત્રતા પર શંકા કરવી, તેમની પત્ની કયાં જાય છે. તેના પર નજર રાખવી, વહેમ કરવો આ બાબતે તેમને થયેલા ઝઘડા અને તેમાંથી શીખ લેવા આપણને પ્રેરણા આપે છે. કાઠિયાવાડમાં લાજ કાઢવાનો જંગલી રિવાજ, બાળલગ્ન ઘાતકી રિવાજ હતો. વગેરે બાબત ધ્વારા સમાજને પણ આ અંગે વિચાર કરવાની પ્રેરણા આપે છે. તેમની પત્નીને શિક્ષણ આપી શકતા નથી. આ બાબત જણાવી તેમના સરળ, નિખાલસ સ્વભાવના દર્શન કરાવે છે.

ચોરી અને પ્રાયશ્ચિત પ્રકરણમાં ગાંધીની તેમના બનાવ થકી સમગ્ર જગતને ચોરી ન કરવા, બીડી તમાકુંનું વ્યસન ન કરવા સલાહ આપે છે. તથા આ ખોટા વ્યસન શોખના કારણે દેવું ન કરવાની શીખ આપે છે. ચોરી પછી તેમણે આપેલા વિવિધ વિચારોને છેવટે તેમના પિતા પાસે ચિઠી લખીને માફી માંગવાનો પ્રસંગ આપણને ઘણું બધું કહી દે છે. આ બનાવ ધ્વારા આપણને ઘણી બધી પ્રેરણા મળે છે. સાથે સાથે માંસાહાર ન કરવા, ખરાબ મિત્રોની સોબત ન કરવા, તેમની રમુજી આગવી શૈલીમાં ઘણું બધું કહી જાય છે.

ગાંધીજીએ શ્રવણ પિતૃભકિત નાટક અને હરિચંદ્ર આખ્યાનનું વાંચન કર્યા પછી માતૃપિતૃભકત બની જાય છે. હાઈસ્કૂલમાં ભણવા સિવાયનો સમય પિતાની નાજુક તબિયતમાં મદદરૂપ થવાનો પુરતો પ્રયત્ન કરે છે. તો માતા તરફથી મળતી સલાહની પણ પ્રતિજ્ઞા લે છે. આ બંને બાબત આજ કાલના વિધાર્થીઓને ઘણી બધી પ્રેરણા આપે છે. વિલાયત જતાં માતાની જે સલાહ છે. તેનું પાલન કરીશ ત્યાં જઈ વંઠી ન જાય, અનૈતિક માર્ગે ન જવાનો સંકલ્પ લે છે. આ બધું આજના વિધાર્થીઓ અને યુવાનોને ઘણી બધી પ્રેરણા આપે છે.

વિલાયતમાં ગયાપછી ગાંધીજી શુધ્ધહશાકાહાર ભોજનની તલાશમાં હોય છે. તેમણે માતાની આજ્ઞાનું પાલન કરવા શકય એટલા પ્રયત્નો કરે છે. ત્યાં રહીને પરિવારનો વિચાર સતત કરે છે. કોઈને ખોટું કહી શકતા નથી, કે સ્ત્રીઓ સાથે અનૈતિક શારીરિક સંબંધો ન કરવાનું પણ ચુકતા નથી. આ બાબત આપણને ઘણી બધી પ્રેરણા આપી જાય છે.

**ગાંધીજીની આત્મકથાના ભાગ 2 માંથી મળતી પ્રેરણા :**

મહાત્મા ગાંધીજીની આત્મકથા ભાગ–2 માં પ્રેરણા મળે તેવા 29 કિસ્સાઓ કિસ્સાઓ છે. દરેક બનાવ આપણને નવી જ પ્રેરણા આપે છે.

E-ISSN No. 2 5 8 2 – 0 4 6 X
International Journal For Research In Applied History
Website : https://ansh.shrihinglajenterprise.co.in/

સંસાર પ્રવેશ પ્રકરણમાં ગાંધીજીએ જ્ઞાતિની વાત નોંધી છે. તેમની જ્ઞાતિ નાતે તેમને કોઈ કારણસર ઝઘડો ઉભો થતો નાત બહાર કાઢી મૂકયા છતાં ગાંધીજી તેમની નાતનો દોષ જોતા ન હતા. તેમનામાં ડોકિયું કરતા હતા, નાતના કાયદાને માન આપતા, વડીલોને નમન કરતા, તેઓ તેમના સંબંધીને ત્યાં જાહેરમાં ન જતા. પત્ની ભણેલી ન હતી. તેથી અક્ષરજ્ઞાન આપવાની ઈચ્છા તેમને હતી. છતાં તેઓ નોંધે છે કે તેઓ વિસયા શકિતના લીધે અક્ષરજ્ઞાન ન આપી શકયા. પત્નીને પિયર મોકલી, ખૂબ જ કષ્ટ આપ્યું. આ તેમની નાદાની હતી. આ બધું તેઓ સ્વીકારી તેમના પારદર્શક, નિખાલસ સ્વભાવ દર્શાવે છે. તેમાંથી આપણને પ્રેરણા મળે છે.

પહેલો કેસ પ્રકરણમાં ગાંધીજી બેરિસ્ટર તો બન્યા. પણ તેમને હિન્દુસ્તાનના કાયદાનો હિદુ વાંચવા બાંધવા કોઈએ સલાહ આપી. તેથી તેઓ માટે કેસ ચલાવવાની હિંમત ન હતી. સાસરે ગયેલી નવી વહુ જેવી તેમની સ્થિતિ હતી. ડીગ્રી મેળવી હતી, અનુભવ ન હતો. દલાલને કમીશન પણ તેઓ ઈચ્છતા ન હતા. તેથી ખર્ચ વધારે અને કમાણી ઓછી હતી. એક કેસમાં તેમણે ફી પાછી આપી દીધી. વકીલાત બરાબર ચાલતી ન હતી. છતાં ઘર કંઈ રીતે કરકસરથી ચલાવવું આ વિચાર આપી આપણે પ્રેરણા આપે છે.

મુંબઈ અને રાજકોટની વકીલાતમાં તેમને મજા ન પડી. દક્ષિણ આફ્રિકામાં જવાની તૈયારી કરી. કારણ કે તેમને હિન્દુસ્તાન છોડયું હતું. શેખ અબ્દુલ કરીમનો કેસ ત્યાં ચાલતો હતો. તેથી તેમના ખર્ચે જવાની તક મળી. દક્ષિણ આફ્રિકામાં શેખ અબ્દુલ કરીમના કેસ માટે વિવિધ શહેરોમાં જાય છે. અનુભવ મેળવે છે. ત્રીજા વર્ગની મુસાફરીમાં તેમને પડતી હાલાકી પ્રથમ વર્ગની ટિકિટ હોવા છતાં ત્રીજા વર્ગમાં બેસાડી દે, ધકકા મારે, કયારેક રેલ્વેમાંથી ઉતારી પણ દે, એવા અસંખ્ય બનાવો બનતા રહયા હતા, તેમણે નિર્ણય લીધો કે અપમાન સહન કરવું પડે તો સહન કરવું પણ જેનો કેસ લીધો છે તે કેસને ન્યાય અપાવવો. આ કેસ માટે તેમને ખૂબ જ મુસાફરી કરવી પડતી હતી. અબ્દુલ્લા શેખના ઘરે જાય છે તેમની સાથે વાત કરે છે. તેમના કાગળીયા વાંચી લે છે. તેઓ ઈસ્લામ ધર્મ વિશે ચર્ચા પણ કરે છે. એક અદાલતમાં તેમને પાઘડી ઉતારવા સૂચન થાય છે. ત્યારે તેઓ જાતે ઉતારવા નથી. આમ તેમને વિદેશમાં પણ આપણી સંસ્કૃતિ સાચવવા કરેલ પ્રયત્ન જણાવે છે.

દક્ષિણ આફ્રિકામાં ખ્રિસ્તીઓ સાથે પણ સંબંધો કેળવે છે. તે પાછળથી ગાઢ સંબંધ બને છે અને ગાંધીજી સાથે ધાર્મિક ચર્ચા વિચારણા થાય છે. તેમાં ગાંધીને ઘણું જાણવા મળે છે. દક્ષિણ આફ્રિકામાં હિન્દુસ્તાનમાંથી ગયેલા હિન્દીઓનો પરિચય કેળવી તેમની સભા ભરે છે. તેમને પડતી હાડમારીઓનો ઈલાજ કરવા અંગ્રેજી અમલદારોને ધ્યાન દોરે છે.

ગાંધીજી શેખ અબ્દુલ્લાનો કેસ જીતવા અથાગ પ્રયત્ન કરે છે. અને કેસ જીતી જાય છે. છતાં કેસ માટે ઘરેમેળે પતાવટ કરે છે. 37000 પાઉન્ડ વસૂલવા હપ્તા કરી આપે છે. તેમાં પણ માનવતાની મહેક જોવા મળે છે.

**ગાંધીજીની આત્મકથાના ભાગ 3 માંથી મળતી પ્રેરણા :**

મહાત્મા ગાંધીના આત્મકથાના ત્રીજા ભાગમાં માનવ  જીવનમાં પ્રેરણા આપે તેવા 23 પ્રસંગો ખાસ છે. તેમાંથી દરેક બનાવ આપણને પ્રેરણા આપે છે.

ગાંધીજીએ તોફાનના ભણકારા માં હિન્દુસ્તાન પતિ–પત્નીની વાત કરે છે. પતિ સાક્ષર હોય, પત્ની અભણ હોય. પતિએ પત્નીના શિક્ષક બનવું પડે. પત્ની બાળકોની જવાબદારી સંભાળે પતિએ રીતભાત શીખવી પડે. તેમાં તે સમયના સામાજીક જીવનનું વર્ણન કરી પતિ કેવો હોય તેવી પ્રેરણા આપે છે. જયારે જયારે આપત્તિ આવે છે ત્યારે ઈશ્વરને યાદ કરવા ભજન કિર્તન કરવા તોફાન ટળી જાય એટલે ઈશ્વરનો આભાર માનવાની પણ શીખામણ મળે છે.

ગાંધીજી પોતાના કુટુંબ સાથે પ્રથમ વખત વિદેશ જાય છે. ત્યારે તેમના પર કેટલાક લોકો હુમલા કરે છે. સડેલા ઈંડા અને કાંકરા મારે છે. ત્યારે એક અંગ્રેજ અમલદાર ગાંધીજીની મદદ કરે છે. અહીં તેમના અંગ્રેજ અમલદાર સાથેના અંગત સંબંધો જોવા મળે છે. તો અમલદાર કહે છે કે તેમો કહો તો તમારા પર જે ટોળાએ હુમલો કર્યા. તેને ઓળખી બતાવો તો હું એમના પર કામ ચલાવવા તૈયાર છું. ત્યારે ગાંધીજી એટલું જ બોલ્યા મારે કોઈના ઉપર કામ ચલાવવું નથી. હુમલો કરનાર એક બે ને હું ઓળખું છું. છતાં તેમને સજા થાય તેમાં મને શો ફાયદો? જયારે ખરી હકીકત જાણશે ત્યારે એ લોકો પસ્તાશે. આ મહાત્મા ગાંધીના શબ્દો હતા.

સેવાવૃતિ માં ગાંધીજી એક રકતપિતના દર્દીને સારવાર આપે છે. તેમના કોટડીમા રાખે છે અને સરકારી દવાખાનામાં સારવાર અર્થે મોકલે છે. તેમાં દુઃખી જનો માટે સેવા કરવાની આપણને પ્રેરણા આપે છે. બ્રહમચર્ય પ્રકરણમાં નોંધે લે છે કે તેઓ એક પત્નીવ્રત ધારણ કરેલ છે. પાલન કરવા અથાગ પ્રયત્ન કરે છે. ઈ.સ.1906 માં આ વ્રત લીધું.ત્યારે તેમની ધર્મપત્ની સાથે મસલત કરી ન હતી. છતાં વિકારોને દબાવવાનું કામ અઘરું હતું તેમ છતાં તેમની દાનત શુધ્ધ હતી. તેથી આ કામમાં ઈશ્વરે મદદ કરી હોય તેવું માનતા હતા.

ગાંધીજીના જીવનમાં સાદાઈ એક મહત્વનું અંગ બની ગયું હતું. તેઓ જેટલું જરૂરી હોય તેટલું જ રાચરચીલું વસાવતા. ઓછું ખર્ચ કરવું, ઈસ્ત્રી જાતે કરવાનો બનાવ, પછી તેમાંથી લોકોને મળેલી મજાક અને તેમને મળેલો અનુભવ સારી રીતે વર્ણવી આપણને પ્રેરણા આપે છે.

ગાંધીજી દક્ષિણ આફ્રિકામાં રહી વકીલાત સાથે પ્રેસ તથા લોક ઉપયોગી પ્રવૃતિ કરતા હતા. તેમને ત્યાં રહેવું ગમતું હતું. પણ તેમના ધંધો પૈસા કમાવવાનો હોય તેવું લાગ્યું. તેથી ફરી હિંદુસ્તાન યાદ આવ્યું અને દેશમાં સેવા કરવાનો મિત્ર વર્ગનો વિચાર તેમણે સહર્ષ સ્વીકાર્યો અને ભારતમાં પરત આવ્યા. ગાંધીજી જયાં જયાં જાહેર સભામાં જતાં ત્યાં સ્વચ્છતા અંગે ટકોર કરતાં. સ્વયંસેવકો પણ ઉભા કરતા. તાલીમ આપવા છતાં બે–ત્રણ દિવસમાં કેટલું આપી શકે તેનો રંજ થતો. ગંદકી દૂર કરવા ખૂબ જ પ્રયત્નો કરતા. આમ, તેઓ સ્વચ્છતાના આગ્રહી હતા.

મહાસભામાં ગાંધીજી 5 મિનિટ વકતવ્ય આપવા ઉભા થયા ત્યારે તેમની સ્થિતિનું વર્ણન કરી આપણને પ્રેરણા આપે છે. મહાસભામાં ભાષણ માટે ટાઈમ નકકી કરેલ હતો. 2 મિનિટ પહેલા ઘંટડી વાગતી તેથી તે સમજી જાય. આ રીતે તે સમયે પણ કેટલું મેનેજમેન્ટ હતું તે બાબતની પ્રેરણા મળે છે.

**ગાંધીનીની આત્મકથાના ભાગ 4 માંથી મળતી પ્રેરણા :**

મહાત્મા ગાંધીના આત્મકથાના ભાગ–4 માં 47 જેટલા બનાવો છે. તેમાંથી દરેક બનાવ કંઈક ને કંઈક પ્રેરણા આપે છે.

આ ભાગમાં મહાત્મા ગાંધીની જાહેર જીવનમાં કામ કરવાની અનોખી પધ્ધતિના દર્શન થાય છે અને તેમાંથી આપણને પ્રેરણા મળે છે. દક્ષિણ આફ્રિકામાં રંગભેદની નીતિ તથા હિન્દુસ્તાન જેવી ગંદકી દૂર કરવા પ્રયત્નો કર્યા. ત્યાં ઘણી વખત અપમાન થયું છતાં મહાત્માએ આ ઘુંટડા પીધા. તેઓ હિદુશાસ્ત્રોનું વાંચન કરી ધર્મની સામાન્ય ચર્ચામાં રસ લેતાં ખ્રિસ્તી, મુસ્લિમ ધર્મના પુસ્તકો વાંચી તેમાં સારું શું છે તે અચૂક મેળવી લેતાં. જીવનમાં જેમ જેમ ત્યાગ અને સાદાઈ વધી તેમ ધર્મ જાગૃતિ વધે તેનું સુંદર વર્ણન કરેલ છે. ખાનપાનની બાબતમાં પણ ચોકકસ નિયમો પળાય તો તંદુરસ્તી સારી રહે છે. તેવી આપણને પ્રેરણા મળે છે. ગાંધીજી અમલદારોમાં ભ્રષ્ટ હોય તેમના પુરાવા ભેગા કરી ઉપરી અધિકારીને જાણ કરતાં કયારેક તેઓ પુરાવાના અભાવે છૂટી જતા ત્યારે તેમની વકિલાત પર નફરત થતી, ગાંધીજી ડરબનમાં વકિલાત કરતા ત્યાં પેશાબ કરવા વાસણ મૂકાતું હતું. આ વાસણ ઉપાડવા ગાંધીજી અને તેમની પત્ની વચ્ચે કલશ થયો. છેવટે તેમની પત્નીએ વાસણ ઉપાડયું પણ લાલ આંખો કરી ઠપકો આપવાની બાબત ગાંધીજીએ સારી પેઠે દર્શાવી છે. ગાંધીજીએ વિવિધ સંસ્થાઓની મુલાકાત લઈ ભાતૃભાવના કેળવણી  વધારવા માટેની પ્રેરણા આપે છે. ગાંધીજી જયારે વિદેશમાં જોહાનિસબર્ગ હતા. ત્યારે તેમના મહેતા તરીકે હિંદીઓ તો હતા પણ અંગ્રેજી તેમનું કાચું હતું. તેથી તેમની ઈચ્છા કાળા માણસના હાથ નીચે કામ કરવામાં અડચણ ન હોય તેવા ગોરા ભાઈ કે બાઈ માટે જાણ કરી ત્યારે તેમને બે ગોરી છોકરીઓ ટાઈપીસ્ટ તરીકે આવી. તેમનું કામ ગાંધીજીને એટલું ગમ્યું કે તેઓ જોયા તપાસ્યા સિવાય સહી કરતા અને આ બાબત સારી હોઈ તેમને ગોરા લોકોની વફાદારી પણ વર્ણવી છે. મરકીના રોગ પ્રકરણમાં ગાંધી અને તેમના સાથીદારોની સેવા કરવાની ભાવના ઉત્તમ જોવા મળી. રોગ નવો હતો છતાં જે મ્યુનિસિપાલટીએ કામગીરી કરવાની હતી. તે વિનામુલ્યે કામગીરી કરી. આ ઘટનામાં લોકોને સેવા આપી દર્દમાંથી મુકત કરાવ્યા. ઈન્ડિયન ઓપિનિયન અને ફિનિકસ ની સ્થાપનામાં મહાત્મા ગાંધીનો ફાળો મહત્વનો હતો.

ગાંધીજી બાળ કેળવણી પ્રકરણમાં નોધે છે કે મેં ઘણા બાળકોને કેળવણી આપવાનો પ્રયત્ન કર્યા હતો. પણ મારા મોટા દીકરા માટે એક કલાક પણ ન આપી શકયો. તેનું દુઃખ આજે પણ છે. તેના પરથી મા–બાપે પ્રેરણા લેવા જેવી છે.  માનવજીવનમાં તકલીફ પડે ત્યારે જે લડત આદરે તેના માટે ગાંધીજીએ સત્યાગ્રહ શબ્દ આપ્યો હતો.

E-ISSN No. 2 5 8 2 – 0 4 6 X
International Journal For Research In Applied History
Website : https://ansh.shrihinglajenterprise.co.in/

બ્રહ્મચર્ય પાલન કરવામાં ગાંધીજી માનતા હતા. તેમના સાથીદારોને પણ મહત્વ સમજાવતા હતા. ખોરાકની બાબતમાં પણ ગાંધીજીએ ખૂબ જ સારી છણાવટ કરી છે. કેદીઓને ખોરાક આપતી વેળા મીઠું આપવાની છૂટ અપાઈ. તેમાં પણ ગાંધીજીનો ફાળો હતો.

ગાંધીજીએ વકિલાતના વ્યવસાયમાં કયારે પણ અસત્યને સહારો લીધો નથી અને કમાવવાનો પણ મોહ ન હતો. અસીલને પણ કદી જૂઠું ન બોલવા તેમણે પ્રેરણા આપી હતી. તેમની વકિલાતની છાપ પણ એવી પડી કે તેમની પાસે જૂઠા કેશો ન આવે. ગાંધીજી જે અસીલના કેસ લડતા તે અસીલો કાયમ માટે તેમના સાથીદાર બની રહેતા. આ પણ નોંધ લેવા જેવી બાબત હતી.

**ગાંધીજીની આત્મકથા ભાગ 5 માંથી મળતી પ્રેરણા :**

મહાત્મા ગાંધીના જીવનમાંથી આપણને ઘણી બધી પ્રેરણાઓ મળે છે. આત્મકથાના ભાગ 5 માં મુખ્ય 43 બનાવો છે.

મુંબઈમાં ગુજરાતીઓનો મેળાવડો હતો. તેમાં કેટલાક નેતાઓએ અંગ્રેજીમાં ભાષણ આવ્યું. પણ ગાંધીજી વિદેશથી પરત આવ્યા, તેમનું અંગ્રેજી સમૃધ્ધ હોવા છતાં ગુજરાતીમાં વકતવ્ય આપી ગુજરાતી માતૃભાષાનું માન વધાર્યુ હતું. ગાંધીજીની ગોખલે સાથેની પુનામાં બેઠક થઈ ત્યારે ગર્વનર તેમને મળવા માગતા હતા. તેની પાછળ અંગ્રેજી શાસનનું હિત હતું. છતાં ગાંધીએ કહયું કે હું સત્યાગ્રહી તરીકે કંઈપણ કરીશ. ત્યારે તમને મળીને આગળ વધીશ. તેમાં ગાંધીજીના અંગ્રેજો સાથેના સંબંધો કેળવવાની બાબત જોવા મળે છે. ગાંધીજીને વિરમગામની જકાત અંગે ફરિયાદ મળી, તેમણે સરકારમાં પત્રો લખી દૂર કરવા પ્રયત્નો કર્યા. તેમાં તેમની કુશળ નેતાગીરીના દર્શન થાય છે. ગાંધીજી રેલ્વેમાં ત્રીજા વર્ગની ટિકિટ લેતા ત્યારે તેમને પડેલી હાલાકી અને કયારેક તો વધારાના પૈસા ચૂકવવા પડે ત્યારે ચૂકવી દેતા, કારણ કે તેઓ સમયના પાબંધી હતા. કયારેક અપમાનના ઘૂંટડા પણ પી લેતા. ગાંધીજીએ આફ્રિકામાં જે કંઈ સેવા કરી તેની સુવાસ ભારતમાં ફેલાઈ હતી. તેથી લોકોના ટોળા તેમને જોવા આવતા. તેમને કયારેક દયા પણ આ લોકો પર આવતી. કુંભના મેળામાં તત્કાલીન સાધુઓની પાખંડતા પાંચ પગાળી ગાયનું વર્ણન કરી. અંધશ્રધ્ધામાંથી બહાર આવવા વર્ણન કયું છે. ગાંધીજી લક્ષ્મણ ઝુંલા જાય છે. ત્યાં જનોઈ અને શિખાની વાત આવે છે.ત્યારે ગાંધીજી કહે છે કે અસંખ્ય હિન્દુઓ જનોઈ નથી. પહેરતા છતાં તે હિન્દુ તરીકે ઓળખાય છે. શિખા લાંબી હોય ત્યારે અંગ્રેજો હસે અને જંગલી તરીકે ગણે તે હેતુથી તેમણે શિખા ન રાખી હતી. તેવી સ્પષ્ટતા કરે છે. તેમાં તેમના પારદર્શક સ્વભાવના દર્શન થાય છે.

અમદાવાદ આશ્રમની સ્થાપના કરી ત્યારે આશ્રમનું નામ શું આપવું સેવાશ્રમ, તપોવન? આ બાબતે પણ ઉડું ચિંતન કરી નામ આપે છે અને ગરીબ–નિરાધાર લોકોની સેવા કાજે આશ્રમની સ્થાપના કરે છે. તેમાં એક રસોડે જમવાની વ્યવસ્થા કરી જાતિ–ધર્મના ભેદભાવ સિવાય હળીમળીને રહેવાની ગુણના દર્શન થાય છે. ચંપારણ્ય

Ansh - Journal Of History
A Peer Reviewed International Refereed Journal
E-JOURNAL (HISTORY) SINCE 2019
E-ISSN No. 2 5 8 2 – 0 4 6 X
International Journal For Research In Applied History
Website : https://ansh.shrihinglajenterprise.co.in/

સત્યાગ્રહમાં ખેડૂતો, મજૂરો, બાળકો માટે કરેલા પ્રયત્નો ખરેખર પ્રશંસનીય છે. બાળકો માટે કેળવણીને સવાલ હતો. ત્યાં નિશાળ ખોલવા, શિક્ષકોનો બંદોબસ્ત કરવા, સ્થાનિક પીડાતા માણસો આ બધુ જોઈ વ્યવસ્થા ઉભી કરે છે. તેમાં તેમના ઉચિત મેજેનમેન્ટ શકિત થકી પ્રેરણા આપે છે.

ગાંધીજીનો સ્વભાવ એટલો નિખાલસ હતો. કે તેઓ જયાં જાય ત્યાં સ્વયં સેવકો મળી રહે. નાણાંકીય ફંડની વ્યવસ્થા થઈ જાય, તેમની નિગરાની હેઠળ તમામ કાર્યો સારી રીતે થતા હતા. જનમાનસ પર ગાંધીજી સત્યના પુજારી જેવા હતા. ગાંધીજીને અમદાવાદના મિલમાલિકો સાથે સારા સંબંધો હતા. છતાં મિલના મજૂરોને પડતી મુશ્કેલી માટે તેમની હડતાલમાં ટેકો આપ્યો. તેમને હડતાલ કઈ રીતે યોજવી તેને માટે માર્ગદર્શન આપી તેમને ન્યાય અપાવ્યો. તેમાં તેમની બીજાને મદદ કરવાની ભાવનાની પ્રેરણા મળે છે. ખેડાના સત્યાગ્રહની બાબતમાં પણ ગાંધીજીની ભૂમિકા ઓછી નથી. સરદાર પટેલ તથા તેમના સાથી મિત્રોને પ્રત્યક્ષ કે પરોક્ષ રીતે જોડાઈને સત્યાગ્રહ સફળ બનાવ્યો. ડુંગળી ચોર પ્રકરણમાં ગાંધીજી નોંધે છે કે રાજદંડ લોકોને દબાવવાના બદલે શોર્ય આપે છે. તેમાં તેમની અદભુત કલ્પના શકિતના દર્શન થાય છે.

ખાદીનો જન્મ પ્રકરણમાં ગુજરાતની હાથશાળાના કારીગરોને રોજગારી આપવાનો આશય જણાય છે. તેમાં બેરોજગારોને રોજગારી આપવાની પ્રેરણા મળે છે.

હિન્દુ–મુસ્લિમ એકતા માટે ગાંધીજીના અથાગ પ્રયત્નો હતા. પોતાની તંદુરસ્તી માટે ગાંધીજી મરણ પથારીએ પણ ઉપવાસ કરતા હતા. તેના પરથી શરીરની તંદુરસ્તીની કિંમત કેટલી છે. તે દર્શાવવા પ્રેરણા આપે છે. રોલેટ એકટ વખત ગાંધીજીની નાદુરસ્તી હોવા છતાં ત્યાં ગયા છે. તે દેશ પ્રત્યેની વફાદારીના દર્શન થાય છે. કયાંય પણ સત્યાગ્રહ અસહકારનું આંદોલન હોય તો તે માટે ગાંધીજી તેમને માર્ગદર્શન આપતા. તે પોતે પણ સફળ થાય તે માટે અથાગ પ્રયત્નો કરતા સમગ્ર જગતને સત્ય અને અહિંસાની કિંમત સમજાય તે માટે સુંદર વર્ણન કરેલ છે. અહિંસાએ નમ્રતાની પરાકાષ્ટા છે.

Ansh - Journal Of History
A Peer Reviewed International Refereed Journal
E-JOURNAL (HISTORY)
SINCE 2019
E-ISSN No. 2 5 8 2 – 0 4 6 X
International Journal For Research In Applied History
Website : https://ansh.shrihinglajenterprise.co.in/

**સમાપન :**

મહાત્મા ગાંધીના જીવનમાંથી સમાજ, દેશ–જગતને જીવનમાં બનતી તમામ ઘટનાઓમાંથી સત્યને શોધવું. અહિંસા ન કરવી, શિક્ષકને છેતરવા નહીં, વડીલોની આજ્ઞાનું પાલન કરવું, નિખાલસ તટસ્થ સ્વભાવ, વડીલોમાં દોષ ન જોવા, કોઈપણ ઘટના બને તેને સકારાત્મક જોવી, માતા–પિતાની સેવા કરવી, વિધાર્થી જીવનમાં શિક્ષકનો ઠપકો ન મળે, માર ન પડે, દંડ ન ભરવો પડે તે માટે સતત ધ્યાન આપી સારો અભ્યાસ કરવો, પત્ની પર બિનજરૂરી ધણીપણું ન આદરવું. એક પત્નીવ્રત પાળવું, પત્નીને છેતરવી નહીં, બીજી સ્ત્રીઓ સાથે સંબંધો ન કેળવવા, સ્ત્રીની પવિત્રતા પર શંકા ન કરવી, પત્ની નિરક્ષર હોય તો સાક્ષર કરવાની ભાવના, સમાજમાં બાળલગ્ન, ઘાતકી રિવાજ લાજ કાઢવાનો, જંગલી રિવાજ દૂર કરવા, ખરાબ મિત્રોની સોબત ન કરવી, માંસાહાર ન કરવો, ચોરી થઈ હોય તો જાણ પણ કરવી અને તેનું પ્રાયશ્ચિત કરવું, શરીરને સારું રાખવા કસરત કરવી, ધર્મ સંપ્રદાય પ્રત્યે સજાગ રહેવું, પ્રેમની અવગણના ન કરવી, માતા–પિતાને છેતરવા નહીં, જુઠું ન બોલવું, વ્યભિચાર ન કરવો, બ્રહમચર્યનું પાલન કરવું, પત્ની દાસી નથી પણ સહધર્મચારિણી છે. તે રીતે રહેવું, આપઘાત ન કરવો. વ્યસન મુકિત રહેવું, માતા–પિતા બિમાર હોય તેવા સમયે તેમની સેવા કરવી, વિષયાંધ ન રહેવું, ધાર્મિક પુસ્તકોનું વાંચન કરવું, બધા ધર્મો પ્રત્યે સમભાવ રાખવો, આદરભાવ રાખવો, અપકારનો બદલો ઉપકારથી આપવો, વિલાયતીમાં પણ ધર્મ આચરવો, માંસ, મંદિરો, પર સ્ત્રી સંગથી દૂર રહેવું, કોઈ વિધાર્થી ઉચ્ચ અભ્યાસ માટે વિલાયત જાય ત્યારે નાતે (સમાજ) વચમાં ન આવવું જોઈએ, વિવેકથી રહેવું, સામાજીક અસમાનતા સામે ન્યાયની ઉચ્ચભાવના અને અહિંસા આધારિત સત્યાગ્રહ, વિચાર અને આચારમાં કોઈ અંતર ન રાખવું. ઉપવાસ ધ્વારા આંદોલન, ભારતને સ્વતંત્ર કરવા અવનવા રચનાત્મક કાર્યક્રમો, ઉચ્ચ આદર્શો અને રાષ્ટ્રવાદની ભાવના, નશાબંધી, દારૂબંધી, અનુસૂચિત જાતિના કલ્યાણ માટે ઉમદા કાર્ય, કુશળ નેતાગીરી, સંગઠનની ભાવના, સહિષ્ણુતા, રાષ્ટ્રવાદી વિચારધારા, ભારતની એકતા, અખંડતા, સ્ત્રીઓ, અનુજાતિ અને અનુજનજાતિ માટે વિકાસ માટેની ભાવના, આત્મ શુધ્ધિ, મન–કર્મ અને વચનથી તથા કાયાથી નિર્વિકાર રહેવું. સાથી મિત્રો સાથે પારદર્શક રહેવું, અધિકારીને સામાન્ય જનતાને પડતી મુશ્કેલીઓ સારી પેઠે રજૂ કરવી, ખેડૂતો અને મિલકામદારોની સ્થિતિ સુધારવી, દલિત સમાજ માટે તળપદી અપમાનજનક શબ્દો સામે હરિજન શબ્દ આપ્યો. ધર્મ પરાયણતા વગેરે અનેક પ્રેરણાદાયી, સંસ્કારો ગાંધીજીના જીવનમાંથી પ્રાપ્ત થાય છે. આધુનિક સમયમાં ઉપર મુજબના શુભ વિચારો સદગુણો, ગાંધીજીના જીવનમાંથી શીખે તો તેમનું સ્વપ્ન રામ રાજય પૂર્ણ થાય. સમાજ દૂષણોમાંથી બહાર આવે. એક અખંડિત ભારત, બિન સાંપ્રદાયિક ભારત વિકસિત રાષ્ટ્ર બનાવવાની ભાવના જરૂર સફળ થાય.

Ansh - Journal Of History
A Peer Reviewed International Refereed Journal
E-JOURNAL (HISTORY)
SINCE 2019
E-ISSN No. 2 5 8 2 – 0 4 6 X
International Journal For Research In Applied History
Website : https://ansh.shrihinglajenterprise.co.in/

# સંદર્ભસૂચિ


- મો.ક.ગાંધી, સત્યના પ્રયોગો અથવા આત્મકથા, નવજીવન ટ્રસ્ટ, અમદાવાદ–1927
- મો.ક.ગાંધી, કેળવણીનો કોયડો, બાઈન્ડીગ પેપરબેંગ, પ્રથમ આવૃતિ, 1938
- મો.ક.ગાંધી, ચારિત્ર અને રાષ્ટ્રનિર્માણ, સંપાદક વાલજી ગોવિંદજી દેસાઈ, બાઈન્ડીગ પેપરબેંક, પ્રથમ આવૃતિ 1959
- સંપાદક દિનશ કાનાણી, ગાંધીજી કહે છે, બાઈન્ડીગ પેપરબેંક 2016
- એકનાથ એશ્વરનું, Gandhi the man નીલગીરી પ્રેસ
- સંપાદક, આર.કે.પ્રભુ, ગીતાનો સંદેશ, આવૃતિ 1959
- ગુ.રા. પાઠયપુસ્તક બોર્ડ, ધોરણ 12 ઈતિહાસ, પ્રથમ આવૃતિ 2017
- મો.ક.ગાંધી, સત્યના પ્રયોગો અથવા આત્મકથા, સંપાદક ભારતન કુમારપ્પા નવજીવન મુદ્રણાલય, અમદાવાદ 2006
- વૈધ છગનલાલ એન. દીવાવાલા, સંપાદક ગાંધી પંચામૃત બાઈન્ડીગ પેપરબેંક, પ્રથમ આવૃતિ 1976
- M.K.Gandhi, 'The way of god work' બર્કલી હિલ્સ બુકસ.